ડીસા તાલુકાના કુચવાડા ગામની સીમમાં રાજસ્થાનના વૃદ્ધની હત્યા

મૃતક પાસેથી ૮૦૦ ગ્રામ અફીણ રસ મળતા ડ્રગ ડીલર હોવાનું પુરવાર

ડીસા, તા. ૨૯

ડીલા તાલુકાના કુચાવાડા ગામની સીમમાં ગત મોડી રાત્રે એક ઈસમની ઘાતકી હત્યા કરેલ હોવાની ઘટના પ્રકાશમાં આવેલ છે. આ મામલે ડીસા તાલુકા પોલીસે અજાણ્યા હત્યારા વિરૂદ્ધ મર્ડરનો ગુનો દાખલ કરી તેમને શોધવા કવાયત હાથ ધરેલ છે. જો કે આ મૃતકના ખિસ્સામાં પોલીસને માદક દ્રવ્ય અફીણ રસ મળતા પોલીસે તેની સામે નારકોટીક્સનો કેશ દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ ચકચારી મર્ડર કેશની પ્રાથમિક વિગતો જોતા ડીસા તાલુકાના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. ભદોરિયાને માહિતી મળેલ કે કોઈ અજાણ્યો ઈસમ કુચાવાડા ગામની સીમમાં મૃત હાલતમાં પડ્યો છે. જે આધારે તેમને તપાસ કરતા એક ઈસમ મૃત હાલતમાં કુચાવાડા ગામની સીમમાં પડ્યો હતો. જેના માથામાં પાછળના ગંભીર પ્રકારની ઈજાઓ હતી અને કાન પર પણ ઈજા હતી અને પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ આ ઈસમની હત્યા કરાઈ હતી જે બાદ મૃતકની લાશ ને પોલીસે પોસ્ટમોર્ટમ અર્થે ડીસાની સરકારી હોસ્પીટલમાં ખસેડી હતી. પોલીસની વધુ તપાસમાં ઈસમ રાજસ્થાનના જાલોર જીલ્લાનો રાણીવાડા તાલુકાના કોટડા ગામનો ભુરાભાઈ મંગલભાઈ વિશ્નોઈ હોવાનું બહાર આવેલ છે જે બાદ પોલીસે તેના વાલી વર્ષોને આ ઘટનાની જાણ કરતા તેઓ ડીસા ખાતે ડોલી આવ્યા હતા. મૃતકના પરિવારજનો હેમારામ વિશ્નોઈની કેફિયત મુજબ આ મૃતક ભુરાભાઈ મંગલભાઈ વિશ્નોઈ પોતાના ઘેરથી આ હત્યાની જામ થતા તેઓ ડીસા આવેલ છે. જયારે પોલીસે વધુ તપાસ કરતાં આ મૃત યુવકના ખિસ્સામાંથી ૮૦૦ ગ્રામ જેટલું અફીણ રસ પણ મળી આવતાં પોલીસ ચોકી ઉઠી હતી અને તે બાદ મૃતક ડ્રગ ડીલર હોવાનું બહાર આવેલ છે. જેથી પોલીસે તેની વિરૂદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ અને નશીલી પદાર્થ એક્ટ, ૧૯૮૫ ધારા હેઠળ ગુનો દાખલ કરેલ છે.

તો વળી, આ મૃતકના ખિસ્સામાં ૩૬ હજાર જેટલી રકમ અને તેનો મોબાઈલ ફોન હત્યાકાર લઈ ગયા નથી, જેવી બાબતો પણ બહાર આવી હતી જેથી પોલીસે મળી આવેલા માદક દ્રવ્યો ખરેખર નશીલા પદાર્થોની વ્યાખ્યામાં આવતું આ માદક દ્રવ્ય આરોપી ક્યાંથી લાવ્યો હતો? તેમજ એ પણ તપાસ કરવી પડશે કે આ ડ્રગ્સ ડીલરનું મર્ડર કોને કર્યું? શું મૃતક ડ્રગ ડીલર સાથે કોઈ અન્ય કોઈ તહોમતદાર હતો ખરો? શું આ હત્યા ડ્રગ ડીલીગના સોદાની કે કોઈ અન્ય અદાવત માટે કરાઈ હતી કે પછી અન્ય કોઈ કારણ હતું? મૃતક ડ્રગ ડીલીંગ માટે આવ્યો હતો તો આ ડ્રગ કોને સપ્લાય કરવાનું હતું? જેવી અનેક મહત્ત્વની બાબતો પણ ચકાસવાની હોઈ તપાસ અમલદાર આર.એમ. ભદોરિયા એ પ્રથમ હત્યાનો ગુનો દાખલ કરી અને તે બાદ મૃતક પર નારકોટીક્સ એક્ટ મુજબનો ગુનો દાખલ કરી અને તે બાદ મૃતક પર નારકોટીક્સ એક્ટ મુજબનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

દાંતીવાડા તાલુકા ભાજપ મીડીયા સેલના કન્વીનર તરીકે પ્રવિણ પટેલની વરણી

દાંતીવાડા, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લા ભાજપના અગ્રણીઓ આજે દાંતીવાડા તાલુકાના ભાજપ મીડીયા સેલના

કન્વીનર તરીકે પત્રકાર પ્રવિણ પટેલની વરણી કરવામાં આવતા શુભેચ્છકોને અભિનંદન પાઠવ્યા હતા.

છેલ્લા ઘણા સમયથી ભાજપની વિચારધારા સાથે સંકળાયેલ અને પત્રકારત્વ ક્ષેત્રે સામાન્ય નાગરિકોના પડતર પ્રશ્નોને મીડીયાના માધ્યમથી તંત્રને ધ્યાને લાવવાનું કામ કરે છે. તેવા મૂળ દાંતીવાડાના રહીશ પ્રવીણભાઈ પટેલની દાંતીવાડા તાલુકા ભાજપ મીડીયા સેલના કન્વીનર તરીકે વરણી કરવામાં આવી છે. આથી તેમના સમર્થકો તેમજ શુભેચ્છકોમાં આનંદ છવાયો છે.

વાલરણ- નવા નાના પાસેના અકસ્માતમાં બે ના મોત

ખેડબ્રહ્મા તાલુકાના વાલરણ-નવા નાના ચાર રસ્તા પાસે ગતરોજ થયેલા ટેમ્પા અને મોટર સાયકલ વચ્ચેના અકસ્માતમાં ત્રણ ઈસમોને ઈજાઓ પહોંચી હતી. જેમાં બે વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્તોને સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બંનેનું મોત નિપજ્યું હતું. આ અંગે બુધવારના રોજ પોલીસ ફરીયાદ નોંધાવા પામી હતી.

સીતવાડા ગામે મોર ઘાયલ થતા વન વિભાગની ટીમ દોડી

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના શીતવાડા ગામે આવેલ સાબરમતી નદીની કોતરમાં એક ઘાયલ મોર અસ્વસ્થ અવસ્થામાં ગામ લોકોને નજરે ચઢતા ગામ લોકો દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ વનવિભાગની કચેરી ખાતે જાણ કરાતા વન વિભાગની ટીમ શીતવાડા ગામે આવી પહોંચી હતી. ત્યાંથી રાષ્ટ્રીય પક્ષી મોરને પ્રાંતિજ ખાતે આવેલ પશુ દવાખાને લઈ

જઈ ડૉ. એ. સી. પટેલ દ્વારા સારવાર આપવામાં આવી હતી. જ્યારે વન વિભાગની ટીમે સારવાર બાદ હિંમતનગર પાસે આવેલ વેરણા પક્ષી ઘરમાં મોરને મોકલી આપ્યો હતો તેમજ વન વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે ખૂબ જ ઝડપથી આવતા મોરનો જીવ બચાવવામાં આવ્યો હતો.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડામાં ઠેર ઠેર જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

રાજ્યમાં કૃષ્ણ જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી ઉજવાઈગઈ તેમાં પણ બોમ્બે સ્ટાઈલથી કૃષ્ણ જન્મોત્સવ એટલે કે મટકી ફોડવામાં આવી હતી. રાજ્ય બહાર મહારાષ્ટ્રમાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ખાસ કરીને મટકી ફોડ સ્પર્ધા પણ રાખવામાં આવતી હોય છે. તેમાં ગુજરાતના દાંતીવાડામાં પણ કૃષ્ણ જન્મોત્સવ ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

દાંતીવાડા તાલુકામાં ઠેર ઠેર જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. દાંતીવાડાની સેરીઓ અને ગલીયોમાં લોકોના ટોળે ટોળા મટકી ફોડવાના પર્વને નિહાળવા ઉભેલા જોવા મળ્યા હતા. અલગ અલગ ગામોના મંડળોના યુવાનો એકબીજાના ખભે ઉભા થઈ 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદ સાથે મટકી ફોડવા ચડતા અને નીચે પડતા નજરે ચઢ્યા હતા. પર્વને નિહાળવા લોકોમાં અનેરૂ ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ. આમ સમગ્ર પંથકમાં 'હાથી ઘોડા પાલકી જય કનૈયા લાલ કી'ના સૂર સાથે જન્માષ્ટમીનો પર્વ ધામધૂમથી ઉજવાયો હતો.

બી.એસ.એફ. ક્વાટર્સમાં માતાએ દિકરી સાથે કરેલા અગ્નિસ્નાન પ્રકરણમાં પતિ સામે ફરિયાદ

દાંતીવાડા, તા. ૨૯

દાંતીવાડા કોલોનીમાં આવેલ બી.એસ.એફ. સ્ટાફ ક્વાટર્સમાં એક અઠવાડીયા અગાઉ બી.એસ.એફ. જવાનની પત્નીએ પોતાની ૩ વર્ષની માસુમ બાળકી સાથે અગ્નિસ્નાન કરતા માતા-પુત્રી મોતને ભેટી હતી. આ ઘટના અંગે આજે મૃતક મહિલાના પિતાએ પોતાની દિકરીના પતિ વિરૂદ્ધ પાંથાવાડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે તેની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દાંતીવાડા કોલોની સ્થિત બી.એસ.એફ. સ્ટાફ ક્વાટર્સમાં રહેતા અને મૂળ પશ્ચિમ બંગાળના વતની એવા રૂપમય બી.એસ.એફ.માં નોકરી કરે છે અને અહીં પોતાની પત્ની મધુમતી અને ત્રણ વર્ષની બાળકી નિશા પણ દાંતીવાડામાં રહે છે. છેલ્લા ઘણા સમયથી મધુમતીનો પતિ રૂપમય પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપી દહેજની માંગણીઓ કરતો હતો અને અવારનવાર મારઝુડ કરી ઝઘડો કરતો હતો. આથી કંટાળી મધુમતીએ એક અઠવાડીયા અગાઉ પોતાના સ્ટાફ ક્વાટર્સમાં પોતાની ત્રણ વર્ષની બાળકી સાથે મોડી રાત્રે શરીરે કેરોસીન છાંટી આગ ચાંપી મોતને ભેટી હતી. આથી આ સંદર્ભે આજે મૃતક મધુમતીના પિતા ઉત્તમસેન લાયકે પાંથાવાડા પોલીસમથકે પોતાના જમાઈ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપી બી.એસ.એફ. જવાનની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ઊંઝા વિસ્તારમાં જુગારની બદી બે સ્થળે દરોડામાં સાત પકડાયા

ઊંઝા, તા. ૨૯

ઊંઝા શહેર અને તાલુકાના કેટલાંક ગામોમાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન જુગારની બદી વ્યાપક પ્રમાણમાં ફૂલીફાલી છે. આ બદીને ડામવા માટે પોલીસતંત્ર દ્વારા દરોડા પાડવામાં આવે છે તેમ છતાં કોણ જાણે કેમ જુગારની બદી નેસ્ત નાબૂદ થતી નથી. કહે છે કે પોલીસ તંત્ર દ્વારા જુગારની રેડ દરમિયાન કેટલાક કિસ્સાઓમાં રોકડ રકમનો મુદ્દામાલ રેકર્ડ પર ઓછો દર્શાવીને બાકીની રકમ ઓળવી જવાતા તેમજ તોડ કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો થિ રહ્યા છે ત્યારે આમાં ખરેખર સત્ય શું છે ? તે અંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ઝીણવટભરી તપાસ કરાવવી જરૂરી છે.

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ અરમાન હોટલની બાજુના શિવાલય એસ્ટેટના કમ્પાઉન્ડમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યાની મળેલ બાતમીના આધારે સ્થાનિક પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડ્યો હતો. જેમાં પાંચ ઈસમો જુગાર રમતાં ઝડપાયા હતા. પોલીસે અહીંથી ૨૯૪૨૦ની રોકડ રકમ પાંચ મોબીલ ફોન અને ત્રણ મોટર સાઈકલ મળી કુલ ૯૩૯૨૦નો મુદ્દામલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જ્યારે જુગાર અંગેનો બીજો દરોડો શહેરના ખજૂરીપોળ વિસ્તારમાં આવેલ વારાહી માતાજીના મંદિર પાસેના ખુલ્લી જગ્યામાં ગંજીપાના વડે જુગાર રમતા બે શખ્સોને કુલ ૨૨૭૦૦ની માત્રાના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા.

ઊંઝા હાઈવે પરથી પકડાવેલ જુગારીઓમાં પ્રજાપતિ મેહુલ મણીલાલ રહે. ઊંઝા, સુથાર પરેશ કરસનભાઈ-ઊંઝા, પટેલ નિલેશ જયંતિલાલ-ઊંઝા, ઠાકોર સુંદ્રાજી નરસિંહજી રહે. મક્તુપુર, પંચાલ શંકરભાઈ પાનજીભાઈ મક્તુપુર તેમજ ખજૂરીપોળ નજીકથી પટેલ ધર્મેન્દ્ર દશરથલાલ તથા પટેલ બાબુભાઈ હરગોવનદાસ બંને રહે ઊંઝાનો સમાવેશ થાય છે.

શ્રાવણ માસના આઠમે જગતના તારણહાર ભગવાન કૃષ્ણના જન્મોત્સવની ભક્તો દ્વારા શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજના લાલ દરવાજા, ખોડીયાર કુવા નાની ભાગોળ, રામજી મંદિર, તપોધન બ્રાહ્મણ ફળી સહિત અનેક વિસ્તારોમાં ભારે હર્ષોલ્લાસ પૂર્વક ભક્તોએ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી હતી. આ ધાર્મિક પ્રસંગે ઠેર-ઠેર રાસ-ગરબા, શોભાયાત્રાઓનાં આયોજન કરવામાં આવતા સમગ્ર વિસ્તાર કૃષ્ણમય બની કૃષ્ણ વંદે જગતગુરૂમ્ માં મગ્ન બની ગયો હતો. (તસ્વીર : સંજય રાવલ)

બનાસકાંઠા જિલ્લામાં આનંદ-ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવાયો જન્માષ્ટમી પર્વ

ડીસા, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લામાં જન્માષ્ટમી પર્વની ભારે ધામધૂમપૂર્વક ઉજવણી થઈ હતી. જન્માષ્ટમીના રોજ ઠેર ઠેર ભગવાન કૃષ્ણની શોભાયાત્રાઓ અને મટકી ફોડના કાર્યક્રમો દ્વારા વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું.

ડીસા શહેરમાં પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. જેમાં શોભાયાત્રાના રૂટ પર ઠેર ઠેર મટકી ફોડના કાર્યક્રમ યોજાયા હતા. કાર્યક્રમમાં હજારો લોકો જોડાયા હતા. શોભાયાત્રામાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસતંત્ર દ્વારા સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો હતો. ભગવાન કૃષ્ણના જન્મ શ્રાવણ વદ આઠમની રાત્રે ૧૨ કલાકે થયો હતો. ભગવાન કૃષ્ણને હેપી બર્થડે કહેવા માટે વિવિધ મંડળો અને સામાજીક સંસ્થાઓએ કૃષ્ણ જન્મોત્સવનો કાર્યક્રમો રાખ્યા હતા. રાત્રે ૧૨ વાગે કૃષ્ણ મંદિરોમાં ભગવાનના જન્મ ટાણે આરતી સાથે ઝાલરો રણકી ઉઠી હતી. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી' અને 'ગોવિંદા આલા' જેવા ગીતો ગુંજી ઉઠ્યા હતા. કૃષ્ણ પ્રેમીઓએ ઝુલા બનાવી ભગવાનને ઝુલાવ્યા હતા. ડીસા શહેર ઉપરાંત વાવ તાલુકાના ઢીમા ગામે પણ આવેલ કાળીયા ઠાકરના ધામે કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં દિવસે ભગવાનના દર્શન કરવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ગામડાઓમાં બહેનોએ તળાવની માટીમાંથી કૃષ્ણ-રાધાનું જોડલુ બનાવી દેશી ઢોલના તાલે કૃષ્ણ લીલાને લગતા ગીતો ગાયા હતા. આ દિવસ આનંદ ઉલ્લાસની સાથે પુણ્યનો દિવસ હોઈ લોકોએ દાનપુણ્ય કરી લ્હાવો લીધો હતો.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

એરંડા	૬૧૦	૭૨૧
ઘઉં	૩૦૮	૩૫૧
બાજરી	૨૨૦	૨૯૮
ગવાર	૯૫૦	૧૧૧૭

સલાલ

મગફળી	૬૦૦	૭૦૦
એરંડા	૩૧૦	૩૫૦
બાજરી	૨૧૫	૨૭૫
ડાંગર જ્યા	૩૧૦	૩૪૫

પ્રાંતિજ

એરંડા	૬૭૦	૭૦૦
ઘઉં	૩૦૦	૩૬૦
બાજરી	૨૦૦	૨૭૫
ડાંગર જ્યા	૩૧૦	૩૪૬

ધનસુરા

એરંડા	૬૯૦	૭૦૫
મકાઈ	૩૨૦	૩૩૦
ઘઉં	૩૧૦	૩૪૦
બાજરી	૨૨૦	૨૭૫
ગવાર	૯૫૦	૧૦૫૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૧૧	૩૨૦
ઘઉં ૪૯૬	૩૧૫	૩૩૦
મકાઈ	૨૯૫	૨૯૯
એરંડા	૭૧૫	૭૧૯

મોડાસા

એરંડા	૭૦૦	૭૨૫
બાજરી	૨૫૦	૨૮૦
ઘઉં	૩૦૦	૩૫૦
ગવાર	૮૦૦	૧૧૨૧

ટીંટોઈ

ઘઉં	૩૦૦	૩૨૨
મગફળી	૬૦૦	૬૮૦

દહેગામ

બાજરી	૨૫૦	૨૮૦
ઘઉં	૩૦૫	૩૨૦
ડાંગર	૨૬૦	૩૦૦
એરંડા	૬૯૦	૬૯૮
ગવાર	૮૪૦	૧૦૦૦
મકાઈ	૨૪૦	૨૮૫
તુવેર	૫૨૫	૬૧૦
જુવાર	૨૫૦	૩૭૦
રાયડો	૫૨૫	૫૭૫

રણિયાલ

બાજરી	૨૪૦	૨૭૦
ઘઉં	૩૦૦	૩૧૫
ડાંગર	૨૫૫	૨૯૦
એરંડા	૬૮૫	૬૯૫
ગવાર	૮૩૦	૯૫૦
મકાઈ	૨૩૦	૨૮૦
તુવેર	૫૨૦	૬૦૦
જુવાર	૨૪૦	૩૬૦
રાયડો	૫૨૦	૫૭૦

હિંમતનગર

મગફળી	૬૦૦	૬૯૧
એરંડા	૭૨૧	૭૩૧
બાજરી	૩૧૫	૩૮૭
મકાઈ	૨૮૫	૩૧૦
ગવાર	૯૫૦	૧૦૫૦

ઈડર

ઘઉં	૩૧૦	૩૫૦
મકાઈ	૨૮૦	૩૦૦
એરંડા	૭૧૫	૭૨૬
બાજરી	૨૫૦	૨૮૦
મગફળી	૬૫૦	૭૧૧
તલ	૧૪૫૦	૧૭૫૦
ગવાર	૯૫૦	૧૦૧૦

કડી

ઘઉં	૨૯૫	૩૫૧
બાજરી	૨૫૦	૨૫૬
મઠ	૧૦૦૦	૧૧૨૧
એરંડા	૭૦૮	૭૧૪
રાયડો	૬૦૦	-

સિદ્ધપુર

રાયડો	૬૧૨	૬૩૨
એરંડા	૬૯૭	૭૩૭
ગવાર	૯૭૩	૧૧૫૧
ઘઉં	૩૦૫	૩૭૨
બાજરી	૧૬૦	૨૯૫
જુવાર	૩૦૦	૯૦૦

વિસનગર

ઘઉં	૩૦૦	૩૫૦
બાજરી	૨૦૦	૨૮૬
રાયડો	૫૮૬	૬૨૫
એરંડા	૭૦૦	૭૪૦.૫૦
જુવાર	૨૨૨	૮૦૦
જવ	૨૬૫	-
ગવાર	૮૯૨	૧૦૯૮
રજકાના બી	૧૧૦૦	૨૫૫૦

મહેસાણા

ઘઉં	૩૨૦	૩૨૪
રાયડો	૫૯૬	૬૧૪
બાજરી	૨૬૫	૨૯૦
એરંડા	૭૦૫	૭૨૫
ગવાર	૧૦૯૯	
રજકાબી	૧૯૭૦	૨૬૯૫

આંબલીયાસણ

ઘઉં	૩૦૪	-
બાજરી	૨૪૫	૨૬૦
રાયડો	૬૧૫	૬૨૦
એરંડા	૭૧૨	૭૨૦

જોટાણા

ઘઉં	૨૮૦	૩૨૪
એરંડા	૭૧૦	૭૧૫
રાયડો	૬૧૭	-

પાટણ

જીરૂ	૨૧૦૦	૨૪૧૬
વરીયાળી	૮૫૦	૯૫૧
રાયડો	૫૫૦	૬૨૧
એરંડા	૭૦૫	૭૩૮
ઘઉં	૩૦૨	૩૫૨
બાજરી	૨૫૦	૨૮૬
ગવાર	૯૯૮	૧૧૨૮

કલોલ

ઘઉં	૩૧૦	૩૫૫
એરંડા	૭૧૨	૭૨૬
બાજરી	૨૪૦	૨૭૫
ડાંગર	૨૬૦	૩૧૦
ગવાર	૧૦૨૬	૧૦૯૫
જુવાર	૩૯૦	-

બાયડ

એરંડા	૬૭૦	૭૦૫
ઘઉં	૩૦૦	૩૨૫
બાજરી	૨૫૦	૨૭૦
મકાઈ	૨૮૦	૩૦૦
ગવાર	૯૦૦	૧૦૦૦

ઉંઝા

જીરૂ	૧૯૯૦	૨૭૭૧
વરીયાળી	૧૦૦૦	૨૦૫૦
ઈસબગુલ	૧૦૦૦	૧૩૬૮
સરસવ	૬૨૧	૬૮૦
રાયડો	૫૦૦	૬૫૧
મેથી	૫૫૫	-
તલ	૧૮૯૧	૨૪૧૫

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૬૦	૨૪૦
બટાટા ડીસા	૧૮૦	૨૬૦
ડુંગળી સૌરાષ્ટ્ર	૮૦૦	૮૫૦
ડુંગળી મહારાષ્ટ્ર	૭૫૦	૯૦૦
રીંગણ	૧૬૦	૨૪૦
રવૈયા	૧૬૦	૩૦૦
કોબીજ	૨૪૦	૩૬૦
ફુલાવર	૧૦૦	૨૪૦
ટામેટા પાકા	૨૪૦	૩૬૦
દૂધી	૮૦	૨૦૦
કાકડી	૧૦૦	૨૪૦
ગીલોડા	૨૦૦	૫૦૦
મરચાં દેશી	૧૪૦	૫૦૦
લીંબુ	૨૦૦	૩૬૦
આદુ	૯૦૦	૧૩૦૦
બીટ	૧૦૦	૨૪૦
ગાજર	૨૪૦	૩૨૦
મરચા ધોલાર	૮૦૦	૧૧૦૦
કોથમીર	૩૦૦	૫૦૦
કારેલા	૧૬૦	૩૦૦
ભીંડા	૧૦૦	૨૪૦
ગવાર	૧૬૦	૩૦૦
ચોળી	૭૦	૨૦૦
ગલકા	૫૦	૧૦૦
તુરીયા	૧૦૦	૨૦૦
પરવર	૧૦૦૦	૧૧૦૦

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન